# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-10-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી મન કી બાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.**

**આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તેમજ મન કી બાતને આવરી લેતું કચ્છી બુટલેટીન આકાશવાણી ભુજ પરથી આવતીકાલે સાંજે 7 વાગીને 5 મિનિટે પ્રસારિત કરાશે.**

**--------------------------------------------------------------------------------------**

## રાજ્ય પોલીસ : ઇ-સમન્સ ટેકનોલોજી

**રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ઈ-સમન્સ ટેક્નોલોજીનો અમલ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. હવે ગુજરાત પોલીસ દ્વારા સમન્સ અને વોરંટની પરંપરાગત મેન્યુઅલ**

પ્રક્રિયાને આધુનિક સ્વરૂપ આપતાં ઈમેઇલ અને વોટ્સએપ જેવા ડિજિટલ માધ્યમ દ્વારા ઓનલાઈન સમન્સ બજવણી કરવામાં આવી રહી છે.

આ ટેક્નોલોજીથી સમન્સ બજાવવાની પ્રક્રિયામાં સમય, માનવબળ અને સંસાધનોનો મોટો બચાવ થવાનો છે. હાલ રાજ્યમાં ૫૦ ટકાથી વધુ સમન્સની બજવણી ઓનલાઈન માધ્યમથી થઈ રહી છે. આ અંગે વધુ માહિતી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આપી.

**(બાઈટ - વિકાસ સહાય, પોલીસ વડા, ગુજરાત)**

---

## કચ્છ-જીઓ પાર્ક માટે નામાંકન

કચ્છ જિલ્લાના કરોડો વર્ષ જૂના અનોખા ભૂવૈજ્ઞાનિક વારસાને વૈશ્વિક માન્યતા આપવા માટે ભારત સરકારે મહત્વના પગલાં ભર્યાં છે. પેરિસમાં યોજાયેલી યુનેસ્કોની 222મી એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં ભારતીય પ્રતિનિધિએ જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના માધ્યમથી કચ્છ જીઓપાર્ક માટેની નામાંકન પ્રક્રિયાનું નેતૃત્વ કરી રહ્યા હોવાનું જણાવ્યું છે. આ પગલાથી કચ્છને ભારતનું પ્રથમ યુનેસ્કો વૈશ્વિક જીઓપાર્ક તરીકે માન્યતા મળવાની આશા જાગી છે.

ભારત સરકાર દ્વારા કચ્છની સાથે મહારાષ્ટ્રના લોનાર અને છત્તીસગઢના બસ્તર જેવા મુખ્ય સ્થળોને યુનેસ્કો ગ્લોબલ જીઓપાર્ક તરીકે નામાંકિત કરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. કચ્છના જીઓપાર્કની માન્યતાથી આ વિસ્તાર વૈજ્ઞાનિક અભ્યાસ, પર્યટન અને સંરક્ષણનું કેન્દ્ર બનાવશે. જે ધોળાવીરા જેવા પુરાતત્વીય સ્થળો સાથે જોડાઈને એક અનોખું જીઓટુરિઝમ હબ બનાવશે. હાલમાં ભારતમાં એક પણ યુનેસ્કો ગ્લોબલ જીઓપાર્ક નથી. વિશ્વમાં હાલમાં 229 યુનેસ્કો ગ્લોબલ જીઓપાર્ક છે, જે 50 દેશોમાં ફેલાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છની ભૂસંપદા મુખ્યત્વે દરિયાઈ અશ્મિઓ, પર્વતમાળાઓ અને વિશિષ્ટ ખડક રચનાઓમાં સમાયેલી છે. ઉત્તર-પશ્ચિમ કચ્છના અમુક મેદાની વિસ્તારોમાંથી ડાયનોસોરિયન અશ્મિભૂત સ્થળો પણ મળી આવ્યા છે, જે ભારતીય ઉપખંડના ભૂસ્તરીય

**ઉત્ક્રાંતિને સમજવામાં મદદરૂપ થાય છે. કચ્છમાં બેસાલ્ટ ખડકો મળી આવે છે, જે લાખો વર્ષો પહેલા થયેલી ડેક્કન ટ્રેપની જ્વાળામુખીય પ્રવૃત્તિઓનો પુરાવો છે.**

**-------------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

**ભારતે ઓસ્ટ્રેલિયાને ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચમાં 9 વિકેટે હરાવી અગાઉના બન્ને પરાજય પછી નોંધપાત્ર સફળતા મેળવી છે સિડની ખાતે રમાયેલી આજની મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમ 236 રન કરી શકી હતી. હર્ષિત રાણા એ ઓસ્ટ્રેલિયાની ચાર વિકેટ ઝડપી હતી.**

**જવાબમાં ભારતીય ટીમે એક વિકેટ ગુમાવી 237 રન કરી સરળતાથી મેચ જીતી લીધી હતી. ભારત વતી રોહિત શર્મા શાનદાર 121 રન અને વિરાટ કોહલી 74 રન કરી અણનમ રહ્યા હતા.**

**-------------------------------------------------------------------------------------------**

## જાણીતા કલાકાર સતીશ શાહનું અવસાન

**હિન્દી  અને ગુજરાતી ફિલ્મ જગત તેમજ ટી વી સીરિયલના અગ્રણી કલાકાર સતીશ શાહનું કિડની સંબંધિત બીમારીને કારણે આજે મુંબઈ ખાતે 74 વર્ષ ની વયે અવસાન થયું છે. તેઓ મૂળ માંડવીના વતની હતા. તેમણે 250 જેટલી ફિલ્મોમાં અદાકારી કરી હતી જેમાં હમ સાથ સાથ હૈ, કલ હો ન હો, ઓમ શાંતિ ઓમ, મુખ્ય ફિલ્મો હતી. આ ઉપરાંત તેમણે  55 જેટલી ટીવી સિરિયલોમાં ભૂમિકા ભજવી હતી. જેમાં સારાભાઈ વર્સીસ સારાભાઈ સિરિયલ ખુબ લોક પ્રિય બની હતી.**

**-------------------------------------------------------------------------------------------**

## વરસાદની આગાહી

હવામાન વિભાગે આવતીકાલે સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપ્યું છે. જયારે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા વ્યકત કરી છે.

ગીર સોમનાથના અરબી સમુદ્રમાં ડિપ્રેશન સર્જાતા વેરાવળમાં હાલ વરસાદ થઈ રહ્યો છે. અને વેરાવળ  બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.  માછીમારોને આજે અને આવતીકાલે દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## નખત્રાણા : દીવડાનું રેસ્કયૂ

નખત્રાણા તાલુકાના વડવા કાયા ગામના વાડી વિસ્તારમાંથી એક બાળ દિપડો જાળીમાં ફસાયેલી હાલતમાં મળી આવ્યો છે. આ ઘટના સામે આવતા જ વન વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી દીપડાનો કબજો મેળવી લીધો હતો. હાલ તેને નખત્રાણા ફોરેસ્ટ કોલોની ખાતે ખસેડવામાં આવ્યો હોવાની વિગત પ્રાપ્ત થઇ છે. વન વિભાગે આ મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે તેમજ તેની ચોક્કસ ઉંમર અને ઇજા સહિતની જાણકારી મેળવવા માટે સ્ક્રીનિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------